# Bhakta Kavi Narsinh Mehta University

Govt. Polytechnic, Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh-362 263 Gujarat (India) Ph:0285-2681448
Website: http://www.bknmu.edu.in Email : phdbknmu@gmail.com


---

પરિપત્ર

## વિષય: ઓનલાઈન પીએચ.ડી.કોર્સવર્કના ઉદઘાટન કાર્યક્રમમાં હાજર રહેવા બાબત

આથી અત્રેની યુનિવર્સિટીનાં તમામ ભવનોના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ, તમામ માન્ય પીએચ.ડી.સુપરવાઈઝરશ્રીઓ/ગાઈડશ્રીઓ તેમજ પીએચ.ડી.સ્કોલર્સને જણાવવાનું કે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે પીએચ.ડી.ની પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓ માટે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ અને એકેડેમિક સ્ટાફ કોલેજ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે ઓનલાઈન કોર્સવર્ક શરૂ થઇ રહ્યું છે.

અત્રેની યુનિવર્સિટી અને એકેડેમિક સ્ટાફ કોલેજ, ગુજરાત યુનિવર્સિટીનાં સંયુક્ત ઉપક્રમે યોજાનાર આ પ્રથમ ઓનલાઈન કોર્સવર્કનો ઉદઘાટન કાર્યક્રમ તા:૨૨/૦૮/૨૦૨૦ નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે માનનીય શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાસાહેબના અધ્યક્ષ સ્થાને યોજાશે જેમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં કુલપતિશ્રી પ્રો.(ડો.) ચેતનભાઈ ત્રિવેદી, ગુજરાત યુનિવર્સિટીનાં કુલપતિશ્રી પ્રો.(ડો.) હિમાંશુભાઈ પંડ્યા, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનાં કુલપતિશ્રી હર્ષદભાઈ શાહ તેમજ એકેડેમિક સ્ટાફ કોલેજ, ગુજરાત યુનિવર્સિટીનાં ડીરેક્ટર પ્રો.(ડો.)જગદીશભાઈ જોશી ઉપસ્થિત રહેશે.

ઉપરોક્ત ઓનલાઈન પીએચ.ડી. કોર્સવર્કનાં ઉદઘાટન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અત્રેની યુનિવર્સિટીનાં ભવનોના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ, તમામ પીએચ.ડી.સુપરવાઈઝરશ્રીઓ/ગાઈડશ્રીઓ તેમજ પીએચ.ડી.સ્કોલર્સને માનનીય કુલપતિશ્રીની આજ્ઞાઅનુસાર વિનંતી છે. ઉપરોક્ત કાર્યક્રમમાં આપ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ફેસબુક પેજ https://www.facebook.com/bknmujunagadh નાં માધ્યમથી જોડાઈ શકશો.

ઓફીસર ઓન સ્પેશિયલ ડયુટી
(એકેડેમિક)

જા.ન.:બીકેએનએમયુ/એકેડેમિક/પીએચ.ડી./૧૩/૨૦૨૦
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
જુનાગઢ-૩૬૨૨૬૩
તા: ૧૫/૦૮/૨૦૨૦

પ્રતિ,

- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં તમામ ભવનોના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન કોલેજના આચાર્ય શ્રીઓ, તમામ માન્ય પીએચ.ડી.સુપરવાઈઝરશ્રીઓ/ગાઈડશ્રીઓ તેમજ પીએચ.ડી.સ્કોલર્સ

સાદર રવાના:

- માનનીય કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવ